Vol No. 63 - Issue No. 2
MAY - 2019
R.N.I.No. : 11555 / 1966
Price Rs. 1/-

# જ્યોતિપુંજ
# JYOTI PUNJ



Total - 40 Pages

## રૈ દાસજી

એકવાર ચિત્તોડની રાણીએ રૈદાસની કીર્તિ સાંભળી એમને ચિત્તોડ પધારવા નિમંત્રણ આપ્યું. રૈદાસ પધાર્યા એટલે એમના માનમાં સહુ બ્રાહ્મણોને ભોજન આપ્યું. બ્રાહ્મણોએ રૈદાસની સાથે બેસવા ના પાડી. તેઓ જુદા બેઠા. ભોજન પિરસાયું અને જ્યાં બ્રાહ્મણો કોળિયો મોંમો મૂકે છે ત્યાં તેમણે જોયું તો બબ્બે બ્રાહ્મણની વચમાં એક એક રૈદાસ બેઠેલો ! હો હો કરી બ્રાહ્મણો ઊભા થઈ ગયા, પણ બીજી જ પળે તેમણે જોયું તો રૈદાસ ત્યાં હતા નહિ. બધા બ્રાહ્મણો જ હતા ! ફરી બ્રાહ્મણો ભાણા પર બેઠા, ફરી તેમણે કોળિયો ભર્યો, ત્યાં જોયું તો ફરી બબ્બે બ્રાહ્મણોની વચમાં એક એક રૈદાસ દેખાયા ! હવે તેમને રૈદાસનો મહિમા સમજાયો. તેમને સમજાયું કે ભક્ત છે તે ભગવાનનું જ સ્વરૂપ છે.

મીરાંબાઈએ રૈદાસને પોતાના ગુરુ કર્યા હતા. એમનાં ઘણાં ભજનોમાં ગુરુ તરીકે રૈદાસનો ઉલ્લેખ આવે છે જેમ કે

મીરાં સદ્‌ગુરુ દેવકી કરે વંદના ખાસ,
ચિત્ત ચેતન આતમ કહ્યા ધન્ય ભગત રૈદાસ.



મીરાંબાઈ જેવી રાજકન્યા, રાજવધૂ અને રાજરાણી રાજપુતાણીનાંગુરુ એક જોડા સીવનારો ચમાર ! એ ચમારમાં જ્ઞાનનું અને ભક્તિનું કેવું કૌવત હશે !

પ્રભુજી, તુમ ચંદન, હમ પાની, જાકી અંગ અંગ બાસ સમાની !
પ્રભુજી, તુમ દીપક, હમ બાતી, જાકી જોતિ બરૈ દિન રાતી !
પ્રભુજી, તુમ સ્વામી, હમ દાસા, ઐસી ભગતિ કરે રૈદાસા !

પ્રભુભક્તિનું આવું સુંદર ભજન લખનાર ભક્તકવિ એટલે રૈદાસ. પાંચસો વર્ષ પહેલાં તેમનો જન્મ કાશીમાં થયો હતો. તેમના બાપ-દાદાનો ધંધો ચમારનો હતો. રૈદાસ પણ જોડા સીવવાનો ધંધો કરતા હતા. પણ નાનપણથી જ તેમને પ્રભુભક્તિનો નાદ લાગ્ય હતો. જોડા સીવતાં સીવતાં ચામડા પર ટાંકા લેતા લેતાં તેઓ ભજન ગાતા ત્યારે તેમની આંખોમાંથી આંસુની ધારા વહી જતી.

રૈદાસના ગુરુ એટલે રામાનંદ,જેઓ સંત કબીરના પણ ગુરુ હતા.
કબીરજી અને રૈદાસજી એટલે ઈશ્વરના નિરાકાર સ્વરૂપને ભજનારા નિર્ગુણવાદી સંતો.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

- શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીયા આયોજીત
  કન્સેશનલ રેટ નોટબુક યોજના, તા. ૨-૬-૨૦૧૯

- શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) આયોજીત,
  શ્રી રજનીકાન્ત મણીલાલ શાહ (નગરશેઠ) સહ આયોજીત
  નોટબુક રાહત યોજના, તા. ૯-૬-૨૦૧૯
  વધુ માહિતી પાના નંબર - ૨૧

- વાર્ષિક સામાન્ય સભા, રવિવાર તા. ૩૦-૬-૨૦૧૯, સાંજે ૫.૦૦ કલાકે
  શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે રહેશે.

legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022- 49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip® PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


વર્ષ અંક તારીખ

૬૩ ૨ ૨૧-૦૫-૨૦૧૯

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ



પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**




# હંસ પાસેથી શું શિખવા મળે છે ?

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

જીવનના દરેક તબક્કે આપણે કંઈક શીખતા હોઈએ છીએ. ઈશ્વરની આ અકળ લીલા એટલે જ સૃષ્ટિનું સુંદર સર્જન ઈશ્વરની આ સૃષ્ટિમાં આકાર પામતા, નાચતા-કૂદતા, વિહરતા, લય પામતા દરેક પશુ-પંખી, જીવ-જંતુ મનુષ્ય પાસે ઈશ્વરકૃપાથી વિશિષ્ટ શક્તિ હોય છે. મનુષ્યને પ્રભુએ બુદ્ધિ આપી છે. સારાસારના ગુણ ને સમજવાની શક્તિ આપી છે.

મનુષ્યના જન્મ પછી તેનામાં સંસ્કાર-સિંચન અને વિદ્યાપ્રદાન કરવાનું કાર્ય શરૂ થાય છે. સમગ્ર વિદ્યાભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી અનેક શિક્ષકો દ્વારા તેને જ્ઞાન પૂરું પડાય છે. જેમ ગુરુ પાસેથી શિષ્ય વિદ્યા ગ્રહણ કરે છે, તેવી જ રીતે આ સૃષ્ટિમાંથી પણ તેને ઘણું શીખવા મળે છે. જૂથમાં રહેતા, આકાશમાં ઊંચી ઉડાણ ભરતાં, સ્થળાંતર કરતાં રહેતા હંસ પાસેથી પણ આપણને ઘણું શિખવા મળે છે. ડૉ. રમેશ કાપડિયાએ પોતાની હૃદય રોગની પુસ્તિકામાં આ વિશે સુંદર છણાવટ કરી છે.

### હંસ આપણો શિક્ષક કઈ રીતે બની શકે છે ?

**(૧)** જ્યારે સમૂહમાં એક હંસ પોતાની પાંખો ફફડાવે છે ત્યારે તેની પાછળ ઊડતા હંસને હવામાં ઊંચે ઉડવા ટેકો મળે છે. પક્ષી એકલું ઉડે તેના કરતાં જ્યારે તે સમૂહમાં 'વિ (V)' આકારમાં ઉડે છે, ત્યારે પક્ષીની લાંબે સુધી ઉડવાની શક્તિમાં ૭૧ ટકા વધારો થાય છે.

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

**સાર :** સમાન ધ્યેય અને સહકારની ભાવનાવાળી વ્યક્તિઓ એક સાથે કોઈ કામ યા પ્રવૃત્તિ કરે તો તે પોતાના ધ્યેય તરફ જલ્દીથી અને સહેલાઈથી પહોંચી શકે છે. કારણ, તેમ થતાં તેમને એકબીજાનો ટેકો મળી રહે છે, એકબીજાના ટેકાથી તેઓ આગળ વધે છે.

(૨) જ્યારે કોઈ પંખી સમૂહથી છૂટું પડી જાય છે ત્યારે એકલા ઉડવાના પ્રયત્નોમાં તે એકાએક તાણ અનુભવે છે અને તરત જ પાછા વળી સમૂહમાં આગળ ઉડતાં પંખીની ઉડ્ડયન-શક્તિનો ટેકો મેળવી લે છે.

**સાર :** જો આપણામાં પંખી જેટલી સૂઝ હોય તો આપણે પણ જે ધ્યેય પર પહોંચવું છે ત્યાં પહોંચવામાં પ્રવૃત્ત એવા સમૂહની સાથે રહીશું. એટલું જ નહીં પણ એ સમૂહની સહાય સ્વીકારવામાં અને તેને સહાય કરવા તત્પર રહીશું.

(૩) 'વિ' આકારે ઉડતા પંખીઓના સમૂહમાં જ્યારે સૌથી આગળ ઉડતું પંખી થાકી જાય છે ત્યારે તે ધીમું પડી પાછળ ખસી જાય છે અને તરત જ બીજું પંખી મોખરાનું સ્થાન લઈ સમૂહને દોરવાનું ચાલુ રાખે છે.

**સાર :** એકલાથી ન થઈ શકે તેવાં મુશ્કેલ કામો, વારાફરતી નેતૃત્વની વહેંચણી કરીને કરવાનું રાખવાથી સારી રીતે પાર પડે છે. કારણ જેમ આપણે માટે પણ પરસ્પરાવલંબનની જરૂર છે.

(૪) આગળ ઉડતાં પંખીઓ એમની ગતિ ટકાવી રાખી શકે તે માટે તેમને ઉત્તેજન આપવા પાછળ ઉડતાં પંખીઓ પ્રોત્સાહક અવાજો કરતાં હોય છે.

**સાર :** આપણો સામૂહિક અવાજ પ્રેરણાદાયી હોય, અન્યથા ન હોય એ વાતનું આપણે સમજપૂર્વક ધ્યાન રાખવું જોઈએ.

(૫) જ્યારે કોઈ પંખી માંદુ પડે કે જખ્મી થાય અથવા તો શિકારીનો ભોગ બની નીચે પડે ત્યારે બે પંખીઓ સહજ રીતે આખા સમૂહમાંથી છુટાં પડી તેનું રક્ષણ તથા મદદ કરવા તેની સાથે નીચે આવે છે. ઘાયલ યા માંદુ પંખી ફરીથી ઉડવાને શક્તિમાન થાય અથવા તો મરણ પામે ત્યાં સુધી તેની સાથે રહે છે. ત્યારબાદ એ બે પંખીઓ પાછળ આવતા તથા સમૂહમાં જોડાઈ જઈ આગળ વધે છે યા તો થોડું જોર કરી એકબીજાની સાથે સાથે ઉડતાં રહી તેમના મૂળ સમૂહને પકડી પાડી તેમાં ફરીથી જોડાઈ જાય છે.

**સાર :** જો આપણામાં પંખી જેટલી સૂઝ હોય તો આપણે એકબીજાને મુશ્કેલીમાં ઓથ આપીશું. આપણે શક્તિશાળી અથવા સમર્થ હોઈએ ત્યારે પણ એકબીજાની આપત્તિમાં વહારે જઈશું.

કુદરતમાં રહેલી કોઈપણ વસ્તુ તુચ્છ નથી. નગણ્ય નથી. આપણે તેને પારખવાની છે. માણસ જ્યારે સમાજ માટે, સંસ્થા માટે, સોસાયટી માટે કાર્ય કરે છે ત્યારે તેમાં ટીમ વર્ક, ટીમ સ્પિરીટ ખૂબ આવશ્યક છે. હંસ એ સમગ્ર સમાજ માટે બોધકારક છે. *****

**જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના**

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Mayur Trading Corporation., Email : aydharia@gmail.com ને ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ - ૩, મોબાઈલ - ૯૮૨૧૧૧૦૭૪૭ /૯૮૩૩૮૬૭૬૦૧. મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**




મનીષા બિમીશ શાહ (ઉજળાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# ચરણ વંદના



હિંદુસ્તાનમાં પરંપરાઓમાં ચરણ સ્પર્શ - ચરણ વંદનાનું અદકેરું મહત્વ છે. આનાથી પરસ્પર પ્રેમ, સ્નેહ, આદર, સન્માનનું વાતાવરણ સર્જાય છે. સમગ્ર કુટુંબમાં તથા સમાજમાં ભાઈચારો, સંપ, સુમેળ બની રહે છે.

**કોણે કોને ચરણવંદના કરવી જોઈએ.**

આ માટેના સુંદર નિયમો આપણા શાસ્ત્રકારો એ બનાવ્યા છે. વયસ્ક, ગોત્ર, ધન-સંપત્તિ, નૈતિક શક્તિ, આધ્યાત્મિક જ્ઞાન આ બાબતો સન્માન પામવાની લાયકાત દર્શાવે છે. આના કારણ થી દેશનો રક્ષક શાસક હોવા છતાં રાજા, આધ્યાત્મિક ગુરુની ચરણવંદના કરે છે જેનાં પ્રમાણ આપણને રામાયણ, મહાભારતમાં જોવા મળે છે.

હિંદુઓ તેમના માતા-પિતા, સ્વજનો, વડીલો, મુરબ્બીઓ, ગુરુજનો, સંતમહાત્માઓને ઝૂકીને નમીને તેમને ચરણવંદના કરે છે. જ્યારે આપણે ચરણવંદના કરીએ છીએ ત્યારે વડીલ આપણા શિર પર હાથ મૂકીને આર્શિવાદ આપે છે. હેત વહેવડાવે છે. વડીલોના આશિર્વાદ ખાસ કરીને પરીક્ષા સમયે, બેસતા વર્ષે, નવા કાર્યના શુભારંભે, જન્મદિવસે, ઉત્સવને દિવસે તેમજ જીવનના ઘણા મહત્વનાં પ્રસંગે આપણે લેતાં હોઈએ છીએ.

કૌટુંબિક સંબંધોએ ભારતીય સંસ્કૃતિની શાશ્વતશક્તિ છે. ચરણવંદનામાં ઝૂકવું, નમવું, દંડવત્, કરીને ચરણસ્પર્શ કરવા એ વડીલોની વય, પ્રૌઢત્વ, ખાનદાની, ચારિત્ર્ય અને દેવત્યનો આદર કરવાનું પ્રતિક છે. તેમણે આપણા માટે આપેલો ભોગ, લીધેલી કાળજી અને સ્વાર્થરહિત પ્રેમની ઓળખ આપણને છે, તેવું સૂચવે છે.

અન્યની મહાનતાને વિનમ્રતાપૂર્વક સ્વીકારવાની એ રીત છે. આ રિવાજમાં મજબૂત કૌટુંબિક સંબંધોનું પ્રતિબિંબ પડે છે.

હિંદુસ્તાનમાં વડીલોના આશીર્વાદ અને સંકલ્પનું બહુ ઊંચુ મૂલ્ય અંકાય છે. આપણે વડીલોના ચરણ સ્પર્શ કરીને તેમના આશિર્વાદની કામના કરીએ છીએ. પ્રેમ, શીલ અને દિવ્યતાથી પરિપૂર્ણ એવા એમનાં અંતરમાંથી મળતા આશીર્વાદમાં પ્રબળ શક્તિ હોય છે. આપણે નમ્રપણે અને સન્માનપૂર્વક ચરણસ્પર્શ કરીએ છીએ ત્યારે વડીલોની શુભાશિષનું આવાહન કરીએ છીએ અને આવી શુભાશિષ એક કલ્યાણકારી શક્તિ સ્વરૂપે આપણી રક્ષા કરે છે. તેથી પ્રણામ કરતી વખતે ઊભેલી કે ઝૂકેલી સ્થિતિમાં સ્થિર રહીએ ત્યારે આપણું સમગ્ર શરીર આશિર્વાદ દ્વારા વહેતી કલ્યાણકારી શક્તિને ગ્રહણ કરી શકે છે.

આપણે અલગ-અલગ પ્રકારે સન્માન દર્શાવતા હોઈએ છીએ. ઉભા થઈને, આગંતુક ને આવકારવા બે હાથ જોડી નમસ્કાર કરીને, વડીલો કે ગુરુજનોના ચરણસ્પર્શ કરવા તેમજ સમગ્ર શરીર વડીલના પગ પાસે દંડવત સ્થિતિમાં જમીન પર મૂકીને પ્રણામ કરવા. ✳✳

Rakesh Dharia - 9819685882

- Civil
- Painting
- P.O.P.Work
- Fabricators
- Carpenter
- Aluminium
- Electric

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068


METACOLOR
METACOLOR
[GALVANISED COLOUR COATED SHEETS]
Mfg by : ESSAR STEEL INDIA LTD. - PUNE.
APPLICATIONS
ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS
BISON PANEL
[CEMENT BONDED WOOD PARTICLE BOARD]
APPLICATIONS
PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS
Authorised Dealers / Distributors
Ralson International
Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Rahul Dharia - 98200 58457 • Rohan Dharia: 98200 58467 • Email: ralson@bom5.vsnl.net.in

# પાણીચું

✍ પ્રવીણા કડકીઆ

દરરોજ સવારે તૈયાર થઈને ધમ ધમ ચાલતી. મિજાજ હતો સાતમા આસમાન પર. હંમેશા એમ જ માનતી કે,'મારા વગર કંપની ચાલવાની નથી'! હા, સારું ભણેલી હતી. દેખવામાં સુંદરતા અને બુદ્ધિ બન્નેનો હિસ્સો બરાબર હતો. આટલું બધું ગર્વ તેને હતું તે વાતની સહુને જાણ હતી. તેથી તો ઉંઘતા સિંહને કોઈ છંછેડવામાં માનતું નહી. તેની મમ્મીને પણ હવે લાગવા માંડયું હતું કે ક્યાંક ઉછેરમાં ખામી રહી ગઈ છે !

ભૂલેચૂકે પણ એમ ન માનશો કે મમ્મીની બધી વાત સાંભળે છે. તદ્દન ખોટી વાત. હા, ચાર માણસ વચ્ચે મમ્મીને માન આપે પણ જેવી તેમની પુંઠ ફરી નથી કે મમ્મીનું આવી બને. મમ્મી હવે એકદમ ચૂપ થઈ ગઈ હતી. નામ તો હતું વિનિતા. જેનામાં વિનયનો એક છાંટો પણ ન હતું. બાળપણમાં ભણવામાં હોંશિયાર તેથી સહુ તેના વખાણ કરે. 'વખાણ' એ ખાણ નથી કિંતુ ખાણ કરતાં વધુ ઉંડી તેની અસર છે. જેને કારણે વિનિતાના દિમાગમાં ખાંપો હતો કે પોતે ખૂબ હોંશિયાર છે. પપ્પા તો પોતાની ઢિંગલીની વાતો કરતા થાકતા નહીં.

આમ પણ વિનિતા પપ્પાનો પડયો બોલ ઝીલતી. નાનો ભાઈ વિવેક, જાણે વિવેકથી ઉભરાતો પ્યાલો. તેનામાં વિવેક અને વિનમ્રતા ઠાંસી ઠાંસીને ભરેલા હતા. વિનિતા કરતાં કદાચ વધારે ચડિયાતો હતો પણ ઘમંડનું નામોનિશાન તેનામાં ન હતું. મારું ઘર બરાબર તેમની સામે હતું. પાડોશીને નાતે સંબંધો ખૂબ સારા હતા. જેને કારણે તેમના ઘરની બધી વાતોની મને જાણ હતી.

વિનિતા ભણીગણીને વકિલ થઈ. તેની સાથે ભણતા તેજસ સાથે પ્રેમ થઈ ગયો. તેજસને વિનિતાનો દેખાવ અને બુદ્ધિ પ્રતિમાની જાણ હતી માત્ર તેના સ્વભાવ વિશે અનજાણ હતો. આમ પણ વિનિતા હોંશિયાર ખરી, કોઈની ઉપર સારી છાપ પાડવામાં પહેલો નંબર. તેજસની, તેજસ્વિતા તેને પણ આકર્ષી ગઈ હતી. વકિલાતનું ભણવાનું પુરું થાય પછી પરણવાનો વિચાર હતો.

મિંયા બીબી રાજી તો ક્યા કરેગા કાજી. કોઈ પણ જાતના વાંધા વચકા વગર રંગે ચંગે લગ્ન ઉજવાયા. મહેમાનો વિદાય થયા પછી બન્ને જણા હનીમૂન પર નૈનીતાલ ઉપડી ગયા. ત્યાં જરાક તેજસને તેના સ્વભાવની ઝલક દેખાઈ હતી. હસવામાં રંગીન દિવસો પસાર કર્યા.

પાછા આવ્યા પછી નવા પરણેલાને હેરાન કરવામાં તેજસના મમ્મી માનતા ન હતાં. કુટુંબ સુખી હતું એટલે નોકર ચાકરની કમી ન હત. વિનિતા અને તેજસ સાથે કોર્ટમાં જતા અને પાછા આવતા. નવા વકિલોનો કોઈ જલ્દી કેસ આપ નહીં. તેજસ ઉતાવળમાં માનતો નહતો. વિનિતામાં 'ધિરજ' મૂકવાનું ભગવાન ભૂલી ગયો હતો.

તેની વાતચીતની કળાએ કોર્ટના કાફેટેરિયામાં એક પ્રૌઢ વકિલનું ધ્યાન દોર્યું. મિસ્ટર ખત્રીએ વિનિતા જોઈ અને તેનું પાણી માપી લીધું. નવી હતી પણ અદભૂત લાગી. બે મહિના તેનો લાગલગાટ અભ્યાસ કર્યો. તેની વાત કરવાની અદા, પૂર્ણ વિશ્વાસ સાથે શોભતું તેનું વ્યક્તિત્વ જોઈ આનંદ થયો. એક દિવસ વિનિતા, તેજસ અને મિસ્ટર ખત્રી એક ટેબલ પર બેઠા હતા. શરૂઆતની સામાન્ય વાતચીત પછી અચાનક મિસ્ટર ખત્રી બોલ્યા,

'વિનિતા મારી ફર્મ માં જોડાશો ?'

વિનિતા અને તેજસ એકબીજાની સામું જોઈ રહ્યા. આંખોથી જવાબની આપલે થઈ. મિ. ખત્રીની સામે

# S.R. Mody

## Shree Light Corporation

173, K.M. Sharma Marg, (Lohar Chawl),
Manhar Bldg., Ground Floor,
Mumbai - 400002, Maharashtra (India.)

**Tel. # 022-40221446/22081440.**
**Cell # 9082363153 (10.00 AM to 07.00 PM)**

Authorised Dealers For :

**Crompton Fans • Philips Lighting • Philips Switches,**
**Eveready Cell /Torch / Appliances & Duracell.**



Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

વિનિતા જોઈ રહી. મિ. ખત્રી બોલ્યા, 'હા, હું તમારી વાત કરું છું.'

વિનિતાએ તેજસની આંખોમાં જવાબ વાંચ્યો તેણે હા, બોલવાને બદલે સંપતિ દર્શાવતા આંખો ઝુકાવી. બસ વાત ત્યાં હાલ પૂરતી સમાપ્ત થઈ ગઈ. સાંજના ઘરે જતી વખતે તેજસ અને વિનિતા વાતોએ વળગ્યા. તેજસનો એક મુદ્દો સત્ય હતો. બન્ને નવા નિશાળિયા હતા. હજુ બરાબર કોર્ટમાં જામવા માટે બે વર્ષ તો ઓછામાં ઓછા લાગવાના હતા. મિ. ખત્રીની ફર્મમાં વિનિતા જોડાઈ જાય તો જાણવા મળે એ લાભ તો હતો જ પણ સહુથી અગત્યનો મુદ્દો સારી આવક થવાની ખાત્રી હતી. તે દરમ્યાન તેજસને આગળ ભણવું હોય તો વિધ્ન પડવાનું ન હતું.

લગ્ન થયાને વર્ષ થવા આવ્યું હતું. તેજસ વિનિતાના સ્વભાવથી પરિચિત થઈ ગયો. મનમાં થયું ઘરમાં પણ સાથે અને કામ પર સાથે. તેના કરતા મિ. ખત્રીની આપેલી ઓફર સ્વિકારવામાં બન્નેનું ભલું છે.

મિ. ખત્રીની ફર્મ જૂની અને પ્રતિષ્ઠિત હતી. તેમને વિનિતામાં પાણી જણાયું હતું. એટલે તો નવી નવી કોર્ટના પગથિયા ચડેલી વિનિતાને કોર્ટમાં કાવાદાવા તેમજ દાવ પેચ શિખવવામાં ખત્રીને લાભ હતો. વિનિતાને ચડવા માટે નિસરણી મળી હતી. ખત્રીને બીજા બાહોશ વકિલ કરતાં વિનિતા અડધા ભાવમાં પડી હતી. આમ લાભ બન્ને પક્ષે બરાબર હતો. વિનિતાએ સમય અને ઓથનો લાભ લેવા માંડયો. ખત્રીની ધારણા કરતાં તે વધારે હોંશિયાર નિકળી. કોર્ટમાં ખૂબ વિશ્વાસપૂર્વક તે બોલતી હતી. તેની છટા અને પ્રતિભા સામેવાળાના હાંજા ગગડાવી દેતા હતા. તેજસે કોર્ટ બદલી નાખી. તેને હવે સંપૂર્ણ સ્વતંત્રતા મળી હઈ હતી.

વિનિતાની ગાડી પૂરપાટ દોડી રહી હતી આમ ખત્રી સાહેબ સાથે કામ કરવાથી વિનિતા કોર્ટમાં ઝળકી ઉઠી. આમ સરળતાથી પ્રગતિના પંથે પ્રયાણ કરી રહી હતી. પાંચેક વર્ષ તો ખૂબ સુંદર રીતે કામકાજ ચાલ્યું. ખત્રી સાહેબને પોતાની જાત પર ખૂબ ગર્વ થયો કે તેમણે હીરાને પારખ્યો હતો.


માનવી જ્યારે બધું સારું થતું હોય ત્યારે કુદરતને ભૂલી યશ પોતે ખાટી જાય છે. વિનિતાને પણ પોતાની જાત ઉપર હોવો જોઈએ તેના કરતાં ક્યાંય વધારે ભરોસો હતો. તેજસ, પોતાના પંથે આગળ ધપી રહ્યો હતો. તેને બહુ બણગા મારવાની આદત ન હતી. 'ક્રિમિનલ' કેસીસમાં તેણે પોતાના ખાતામાં સારા પરિણામો જમા કર્યા હતા.

ખત્રી અને વિનિતા 'કોર્પોરેટ' જગતના ખંધા લોકો હતા. જેમાં કાળા ધોળા પણ કરવા પડે. આમ પણ વકિલાતનો ધંધો એવો જ ગણાય છે. જેમ કોર્પોરેશન મોટા તેમ ફી પણ 'તગડી' મળે. પૈસા જોઈને જો દાનત બગડે ને તો નવાઈ કહેવાય. વિનિતાએ કે મોટા જે.કે. કોર્પોરેશન સાથે ખાનગી મસલત કરીને મેજ નીચેથી પૈસા પડાવ્યા. તેને એમ હતું કે ખત્રી સાહેબ કે ફર્મને ખબર નહીં પડે.

લોભે લક્ષણ જાય. સાચા રસ્તે આવતી લક્ષ્મી રૂમઝુમ કરતી આવે. કાળુ નાણું આવે એના કરતા બમણી ઝડપે વિદાય થાય. સાથે, બેઆબરૂનો ખિતાબ આપતું જાય. મિ. ખત્રીની ફર્મ વર્ષોથી ધંધામાં હતી. તેમને બજારમાં ચાલતી ઝીણામાં ઝીણી વિગતો પણ જાણવા મળે.

આવા બેહુદા કામની ખબર પડી. એક પણ અક્ષર બોલ્યા નહીં. કોઈ જાતનું ખરાબ વર્તન નહીં. માત્ર મહીનો પૂરો થવા આવે એ પહેલાં તાબડતોબ બધી તૈયારી કરી ઘરે જતી વિનિતાના હાથમાં પકડાવ્યું 'પાણીચું'.

*****


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes For Moduler Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# માતૃદેવો ભવ પિતૃદેવો ભવ

✍ કિરીટ ધારીઆ

માતાનો ખોળો અને પિતાની છત્રછાયા, એના વિના જીવનમાં બધું જ અપૂર્ણ લાગે છે. મા-બાપની પસંદગી કરવાનું કોઈના પણ હાથમાં નથી. લોહીનો સંબંધ એટલે જન્મસિધ્ધ ઋણાનુંબંધ છે. અંતરની અનુભૂતિનો સંબંધ છે.

તે ઊંડી અને ઉત્તમ હોવાથી મૌનમાં જ વ્યક્ત થઈ શકે. તેને હું સ્વભાવિક પણે સ્વીકારી લઉં, એટલે જ રામાયણ એ ગૃહસ્થાશ્રમનું કાવ્ય છે.

આ સંસારમાં મનુષ્ય તરીકે જન્મવું એ મોટી વાત છે. મનુષ્યને સમજવો અને જાણવો કપરો છે. કારણ પારવાર મુશ્કેલી છતાં એના હોઠ પર સ્મિત શું કામ ફરકે છે? આ બધું અંદરથી જાણવું અને માણવાનું છે. હકીકતમાં ઉંચે ઉઠવાનું જ્ઞાન અપનાવે છે એ જ મોટો બનતો જાય છે અને આ પ્રક્રિયા જન્મે છે. મા-બાપના કારણે જ પામીએ છીએ જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય.

પિતાની સ્મૃતિ હંમેશા પવિત્ર અને પ્રેરક હોય છે. પિતા લાગે છે કુહાડા જેવા, પણ હોય છે. કોદાળી કઠિયારા જેવા, પણ હોય છે. માળી ઉમદા માતાપિતા બાળકની સ્વતંત્રતા પર તરાપ નથી મારતા પણ તરાપાની ગરજ સારે છે. મરનારના વારસ તરીકે તેનું ઋણ ચુકવવાથી માતાપિતાની ખુશી તે ઈશ્વરની ખુશી અને માતાપિતાની નાખુશી તે ઈશ્વરની નાખુશી સમજવી. પિતા આપે છે આજ્ઞા, કરવો પડે તેનો આદર. માતા આપે પ્રેમ, બદલો ચૂકવવો પડે પ્રેમથી. પિતા પહેલા ગુરૂ છે, તો માતા મહાતીર્થ છે. પિતાશ્રી જ્ઞાનમાર્ગી અને મા કર્મમાર્ગી ગણાય. પિતાના છાપરા હેઠળ કુટુંબ સલામતી અનુભવે છે.

**મા-બાપના મળેલા સંસ્કારોમાં સમજાય છે.**

૧) નિષ્ફળતાની વાત કરનારને સાંભળવો નહીં.

:૨) દ્રઢ નિશ્ચય અને શ્રધ્ધાથી કામ કરવું.

૩) કોઈ કામને અને જાતને તુચ્છ ગણવી નહીં.

૪) એકવાર કર્તવ્ય કર્મ નક્કી કર્યા પછી પીછેહઠ ન કરવાથી તમારા હાથે અશક્ય પણ શક્ય બની જશે.

૫) પરિશ્રમથી ડરો નહીં.

૬) માણસ કરતાં એનું કાર્ય મોટું છે. કોઈ પણ કાર્ય મામુલી કે નાનું નથી.

પિતા ધન લાવે છે. માતા ધનનું લક્ષ્મીમાં રૂપાંતર કરે છે પણ બંને સાથે મળીને સમાજ માટે કશુંક કરે છે ત્યારે લક્ષ્મી મહાલક્ષ્મી બને છે. મનુષ્યનું સૌથી પાતળુ પ્રાણી એ આપણી જીભ છે. જીભને પાળતાં શીખવાથી, બીજા કશાને પાળવાની જરૂર નથી.

આ સંસારમાં સાચું શું? ખુલ્લી આંખનો ભ્રમ કે બંધ આંખનું સ્વપ્નું? બધું અકળ છે. મા-બાપ એટલે બીજું તીરથધામ, કારણ પિતા છત્ર છે અને માતા સર્વત્ર છે. જરૂરી છે માતાનો ખોળો અને પિતાનો ખભો. જ્યારે પિતા અને પુત્ર મિત્રની જેમ એકમેક સાથે વાત કરે એના જેવું અદ્‌ભૂત દ્રશ્ય ક્યાંય ન મળે. મા-બાપની ઉણપ લાગી દરિયો તર્યો ને કિનારે ડૂબ્યો! અને સમજાયું કે લાગણીનું ઝીણું ઝીણું જતન કરે તે માતા અને સ્વસ્થતા અને સમતોલપણાની બુધ્ધિ આપે તે પિતા. પુત્રને માટે પિતા-પારસમણિ છે.

**માતા આંખ આપે છે, પિતા દ્રષ્ટિ,**
**માતા ઘર આપે છે, પિતા સૃષ્ટિ,**
**માતાનો પ્રેમ વાણીમાં અને વર્તનમાં**
**પિતાનો પ્રેમ મૂંગો અને સુગંધ જેવો**

માતાની આસક્તિ અને પિતાની શક્તિ એટલે જીવન સમૃધ્ધ અને સાર્થક. પોતાના સત્કર્મથી પિતાને ખુશ કરે તે પુત્ર. વર્તમાનમાં સુખશાંતિ અને ભવિષ્યમાં દુ:ખ મુક્તિ ઈચ્છતા પિતાઓએ વર્તમાનમાં પુત્રોને એવી રીતે ઘડવા જોઈએ કે જેથી વર્તમાન અને ભવિષ્ય બંને

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

સુખ શાંતિદાયક બની રહે. પિતા આદર્શ છે, પુત્ર વારસ છે. બની શકે, સમાજ તેમને એક રીતે નિહાળ્યા છે, મેં તેમને જુદી રીતે અનુભવ્યા છે.

એમણે આપેલા પ્રેમ અને સંસ્કાર. આ બધામાંથી થોડુંક પણ ઋણ ચુકવીશ તો જીવનની સાર્થકતા અનુભવાય છે. માતા ઘર આપે છે અને પિતા ઘરની બહારના વિશ્વનો અનુભવ.

જીવનભર મૌન દ્વારા અને ૭૫માં વર્ષે શબ્દો દ્વારા સમજણ દિક્ષા આપનાર માતાપિતાને કોટી કોટી પ્રણામ.

**પરમ પિતા પરમેશ્વરને.....**

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,**
**ત્વમેવ બંધુ ચ સથા ત્વમેવ !**
**ત્વમેવ વિદ્યા દ્રવિણમ ત્વમેવ,**
**ત્વમેવ સર્વમ મમ દેવ દેવ ! !**

* * * * *


**ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા



**દક્ષેષ ભટ્ટ**




જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯**
**Email :** gopaljbhatt@yahoo.co.in ● bhattgopal59@gmail.com

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**


# યમુને મહારાણીની જય



✍ **પ્રવીણા કડકીઆ**

આજ યમુનાજીને તીરે વાગ્યા હૈયામાં તીર
તટ પર આવીને સખી વેદના થઈ
યમુનાજી રીઝે તો દોષો વિલિન થાય
યમુના પાનથી પાવન થઈ
તટ પર આવીને સખી વેદના થઈ
યમુના સમીપે ભાન ભૂલી આજ
હૈયામાં મધુરી હલચલ થઈ
તટ પર આવીને સખી વેદના થઈ
યમુનાનું તીર અને સ્થળ છે વંદનીય
મહિમા અપાર ને વળી પૂજનીય
તટ પર આવીને સખી વેદના થઈ
યમુના મહારાણીની આંગળી ઝાલી
શ્રીજીની સમીપ પહોંચી ગઈ
તટ પર આવીને સખી વેદના થઈ
પુષ્ટિ જીવોનો ભાગ્યોદય જે કરે
વલ્લભની સેવાની પ્રાપ્તિ થઈ
તટ પર આવીને સખી વેદના થઈ

## દરશનની પ્યાસી નંદલાલ

દરશનની પ્યાસી નંદલાલ આજ મીરાં દરશનની પ્યાસી
પત્થર બન્યા છો કેમ પુરુષોત્તમ,
આજે બોલો જશોદાના લાલ.
છોને છેતરતા ઓ વ્રજના વિહારી,
ઓળખું ગોકુળના ગોવાળા.
મોર મુગુટ ધરો મુરલી રસાળ,
અધર ધરો મુરલી રસાળ.
પીળા પીતાંબર કટિએ સુહાવો...
કંઠ ધરો વરમાળ... ગોપાળ.
દરશનની પ્યાસી નંદલાલ આજ મીરાં દરશનની પ્યાસી.

# TUSHAAR DAWDA & ASSOCIATES

**STRUCTURAL AUDITORS | CONSULTING CIVIL ENGINEERS | REPAIRS & REHABILITATION CONSULTANTS**

**TUSHAR Y. DAWDA, CIVIL ENGINEER (B. TECH), I.I.T. BOMBAY**

## Registration & Membership

• Licensed Strauctural Engineer • Chartered Civil Engineer • M.I.E.
• International Concrete Repair Institute - USA • PEATA
• American Concrete Institute (India Chapter)
• Indian Society of Structural Engineers

## Services

• Structural Auditing (Inspection above False ceiling **WITHOUT BREAKING** and External Areas of High Rise Buildings with **SPECIAL EQUIPMENTS**) • Consultation for Repair Works • N.D.T.
• Waterproofing • Tendering • Estimation • Monitoring
• **LEAKAGE DETECTION** (Using **GLOBALLY ACCLAIMED** instruments for **AIR** and **WATER** Leakage)

**INTERIOR DESIGN AND EXECUTION WORKS UNDERTAKEN**

## Clientele

• Ambuja Cement • Royal Bombay Yacht Club • Bombay Gymkhana • Mahalaxmi Chambers • Marol Church • Holy Cross Church • Anjuman I Islam • Anjuman K Islam • Automotive Manufacturers • Parvati Industrial Premises • Dudhwala Builders • Casby Group • Regal Cinema • The A.H. Wadia Baug C.H.S.L.• Odyssey - 1 C.H.S.L.

102, Giridwar Apartment, Near P.N.B. A.T.M., Mathuradas Road, Kandivali (W), Mumbai - 400067
Ph. : 91 98672 52867 / 91 22 28085542
Email : tushaardawda@gmail.com Website : tushaardawda.com

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

તા. ૧૩-૪-૧૯ના રોજ બપોરે ૨.૩૦ કલાકે મહિલા વિભાગ દ્વારા શારદા વિદ્યા મંદિર, લોઢા હોલ ખાતે હાઉસીનું રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૭૫ સભ્ય બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની પહેલા ૧.૪૫ થી ૨.૩૦ની વચ્ચે સૌ આવનાર બહેનોને ચહા કોફી આપવામાં આવ્યા હતા.

હાઉસી રમાડવા માટે અવનીબેન તન્ના તથા ફાલ્ગુનીબેન શાહ આવ્યા હતા. હાઉસીની છ ગેમ્સ વેરીએસન સાથે તેમણે રમાડી હતી. દરેક ગેમની વચ્ચે બકેટ પ્રાઈઝ તથા સરપ્રાઈઝ પ્રાઈઝ આપવામાં આવ્યા હતા. જેમાં બહેનોને ખૂબ જ આનંદ આવ્યો હતો. દરેક હાઉસીની ગેમમાં નવ પ્રાઈઝીસ આપવામાં આવ્યા હતા. શ્રીમતી અલ્પાબેન પારેખ જેઓ બ્યુટીશીયન છે તેમણે પોતાની જાહેરાત માટે મહિલા વિભાગને રૂા. પાંચ હજાર આવ્યા હતા. આ જાહેરાત કાર્યક્રમના પાસની પાછળ છાપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે આવનાર સૌ બહેનોને નાસ્તાના બોક્સ, આઈસક્રીમ તથા ગીફટ આપવામાં આવ્યા હતા.

મહિલા વિભાગના કાર્યક્રમના આયોજનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ અને સહકાર આપનાર સૌ બહેનોનો તથા મોટી સંખ્યામાં બપોરના સમયે હાજરી આપી શીસ્તબધ્ધ રીતે હાઉસી રમી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સહુ બહેનોનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

## ઈનામ જીતનાર બહેનોના નામની યાદી

**Yellow Ticket**

અવની પરીખ, કેયુરી મોદી, રોબીના ધારીઆ, મોનીકા શાહ, અજુપા કડકીયા, નીતીના મોદી, શીતલ ડી. મોદી, પ્રીયા મોદી, પારૂલ ધારીઆ, કલ્પનાબેન એ. કડકીઆ, પ્રીતી ડી. ધારીઆ, દીપ્તી એ. દેસાઈ, જીજ્ઞા ધારીઆ, મીના શાહ, પ્રવીણા એમ. કડકીઆ, રીન્કુ એસ. પરીખ

**Blue Ticket**

ચારૂબેન કે. ગાંધી, દર્શના એન. મોદી, નીશા કે પરીખ, જ્યોતિ બી. દોશી, ભાવના આર. કડકીઆ, ભારતી આર. ગાંધી, પ્રીતી પ્રકાશ પરીખ, બીનીતા સુનીલ પરીખ, સ્વાતી પ્રફુલ્લ ધારીઆ.

**Dark Green Ticket**

ચેતના આર.મોદી, નયના ડી. કડકીઆ, રૂપલ પી. કડકીઆ, કલ્પના એસ. કડકીઆ, નિલમ પરીખ, સેજલ એન. કડકીઆ, મેઘા, દીપ્તી આર. પરીખ, પાયલ એમ. પરીખ, સોનલ એચ. કડકીઆ, દીપા આર. પરીખ, બીના આર. શાહ, શેફાલી આર. પરીખ, મીના એ. શાહ, દિપીકા મહેતા, જીજ્ઞા ધારીઆ, મીતાબેન ડી. દેસાઈ, પાયલ ધારીઆ.

**White Ticket**

સલોની શાહ, કલ્પના કડકીઆ, શીવાની ઝવેરી, મીનોતી શાહ, દર્શના મોદી, ભાવના બી. મોદી, ઉર્વી, દક્ષા વી. શાહ, હંસા જે. પરીખ, મીના એસ. મોદી, સ્મીતા ડી. દેસાઈ, સ્નેહલ મોદી.

**Blue Ticket**

નીતા ધારીઆ, પૂર્ણિમા કચેરીયા, સોનલ મોદી, ઝરણા પરીખ, સંગીતા તલાટી, વૈશાલી મોદી, રૂપલ ધારીઆ, સપના ધારીઆ, અન્વી દેસાઈ, અલ્કા દેસાઈ, શીલ્પા મોદી, મોનીતી શાહ, પ્રીતી પરીખ, દક્ષા ધારીઆ, તૃપ્તી પરીખ, આસીતા પરીખ, સ્મીતા ગાંધી, સેજલ બી. શાહ, પૂર્ણિમા શાહ, અનીતા જે., ઝંખના કડકીઆ.

**Pink Ticket**

KAYCEE KI

pla

BRISK

RGK MARQUARDT

MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION

ELMECO

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com www.modyelectrotraders.com

કલ્પના એ. કડકીઆ, જીજ્ઞા પરીખ, અરૂણા શાહ, પારૂલ શાહ, સ્નેહલ મોદી, આભા શાહ, રૂપલ કડકીઆ. ડીમ્પલ પરીખ, હેતલ કડકીઆ, રૂપલ ધારીઆ, હંસા કડકીઆ.

**'જૂન મહિનાનો કાર્યક્રમ'**

**તારીખ** : ૧૫મી જૂન, ૨૦૧૯, શનિવાર
**સમય** : બપોરે ૨.૩૦ કલાકે
**સ્થળ** : શારદા વિદ્યામંદિર સ્કૂલ (લોઢા હોલ) ખાતે

## 'અંતાક્ષરી'

રમાડવામાં આવશે.

આ કાર્યક્રમના Entrance Pass તારીખ ૪ જૂન ૨૦૧૯ના રોજ બપોરે ૩ થી ૪ માં સંસ્થાની ઓફીસમાં આપવામાં આવશે. અથવા ૪ જૂન પહેલા કોઈપણ કમિટીની બહેનને આપી લઈ શકાશે.

અંતાક્ષરીમાં ભાગ લેનાર બહેનોએ રૂા. ૧૫૦/- આપી ૧૦ બહેનોનું ગ્રુપ બનાવી પોતાના નામ કૃપા દેસાઈ અથવા કોઈપણ કમિટીની બહેનને ૪ જૂન પહેલા લખાવવાના રહેશે.

જો આપ ગ્રુપ બનાવી ન શકો તો પણ આપનું નામ રૂા. ૧૫૦/- આપી લખાવવું. મહિલા વિભાગ ગ્રુપ બનાવી આપશે.

**મંત્રી – ભાવેશ મોદી** **સંયોજક – કૃપા દેસાઈ**
**૯૮૧૯૫૭૧૯૮૪**

## શ્રી બાલાસિનોર મિત્ર મંડળ – મલાડ

**મલાડમાં વસતા બાલિસનોરવાસીઓનું નોટબુકનું વિતરણ**

**તા. ૨-૬-૧૯ના રવિવારે,**

**સમય : ૧૦ થી ૧ સુધીમાં રાખવામાં આવ્યું છે.**

**સ્થળ :** રાજેન્દ્ર મોદી, ૨ જે માળે, ખેતાન એસ્ટેટ, રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪

**કમલેશ સી. દોશી – ૯૦૦૪૬૨૧૦૬૨**

## તમારો રંગબેરંગી ફૂલોનો મઘમઘતો ગુલદસ્તો અમને મળી ગયો છે



**જે જે શ્રી ગોકુલેશ**

આત્મીય બાલાસિનોરવાસીઓ,
સ્નેહી સ્વજનોને નત મસ્તકે નમસ્કાર

નવા આગંતુક, નાના બાળકના આગમન સાથે જેમ આપણું ઘર કિલ્લોલથી ગહેકી ઉઠે, આનંદથી મહોરી ઉઠે તેમ જ્યારે એપ્રિલ' ૨૦૧૯ના 'જ્યોતિપુંજ'ની કોપી મારા હાથમાં આવી ત્યારે આત્મ સંતોષની લાગણી થઈ.

બાળકને જેમ હાથમાં લઈને વ્હાલથી ચુમી ભરીયે તેમ 'જ્યોતિપુંજ'ને ચુમી લઈને શીશ નમાવ્યું. અમારા તમામ સાથીઓને આનંદના સંદેશા પાઠવ્યા. અને સૌ સાથે મળીને નાચી ઉઠયા, ઝૂમી ઉઠયા. મધુર મિઠાઈની રસલ્હાણ થઈ.

જેમ જેમ બાલાસિનોર વાસીઓને ઘરે ઘરે રંગબેરંગી, મનમોહક જ્યોતિપુંજ પહોંચતા ગયા તેમ તેમ મેસેજ, ફોન કોલ્સ, વોટ્સ અપ્સ પર અભિનંદન કરી આનંદ વ્યક્ત કર્યો. આપ સૌએ 'જ્યોતિપુંજ'ને આવકાર્યુ, વધાવ્યું તે બદલ આપ સર્વનો ખૂબ ખૂબ આભાર. આપ સર્વના સહકાર અને પ્રેરણાથી જ અમે ઉત્તરોત્તર પ્રગતિ કરીશું એવી અમને ખાતરી છે.

ધન્યવાદ. આપ સર્વેને સો સો સલામ.

**મંત્રી – ભાવેશ મોદી** **તંત્રી – બંકીમ પરીખ**

# D P ZAVERI JEWEL

GOLD & DIAMOND JEWELLERY | UNCUT DIAMOND JEWELLERY



THE JEWEL WORLD
G-15, COTTON EXCHANGE BUILDING, ZAVERI BAZAR – KALBADEVI,
MUMBAI – 400002.
NAKKUL ZAVERII | JHEEL ZAVERI
+91 8655119400
Office No- 022-60605850 | 022-22415850
Email Id- nakkulzaverii@gmail.com

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) પુરસ્કૃત
## શ્રી રજનીકાન્ત મણીલાલ શાહ (નગરશેઠ) સહ આયોજીત

# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનમાં નોટબુક આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૩૦-૫-૨૦૧૯ સુધી સંસ્થાની ઓફીસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને આપી જવા.

આ અંગે નવા અરજીપત્રકો સંસ્થાની ઓફીસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૯-૬-૨૦૧૯ ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર, બપોરે ૨ થી ૭, રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૦૦
(દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.)

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી દર્શન હરીશ પરીખ**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીયા
## પુરસ્કૃત

# કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષ આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુક વેંચાણ હાથ ધરેલ છે.

A-4 સાઈઝ બુકનું વેચાણ તા. ૨-૬-૨૦૧૯ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળેથી હાથ ધરાશે અને નોટબુક હશે ત્યાં સુધી મળશે.

**શહેર વિભાગ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ : ફોન : ૨૩૮૮૭૦૦૬, સમય : સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭, રવિવાર સવારે ૮.૦૦ થી ૧૧.૦૦, બુધવાર ઓફિસ બંધ રહેશે.

**ઉપનગર વિભાગ**

૧) અજય પ્રવિણચંદ્ર દોશી - અંધેરી
૨) કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) - કાંદીવલી
૩) હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) - બોરીવલી

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટ નકલ અથવા હૉલ ટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુક આપવામાં નહી આવે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી દર્શન હરીશ પરીખ**

Selected Business Superbrand India 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**




## સમર ફ્લાવર્સ

૧) પપ્પા-મમ્મી સાથે અનાથ આશ્રમની મુલાકાત લો, ત્યાંના બાળકો માટે બિસ્કીટસ્-ચોકલેટસ્-ગેઈમ્સ-ગિફ્ટસ વગેરે લેતા જાવ.

૨) વૃધ્ધાશ્રમની મુલાકાત લો. હું મારા માતા-પિતાને ક્યારેય વૃધ્ધાશ્રમમાં નહીં મોકલું તેવો દૃઢ સંકલ્પ આજે જ કરો.

૩) ગૌશાળાની મુલાકાત લો. તન-મન-ધનથી ગાયની સેવા કરો.

૪) બેંક, પોસ્ટ ઓફિસ, આર.ટી.ઓ. ઓફીસ, પાસપોર્ટ ઓફિસની મુલાકાત લો. ધીમે ધીમે ત્યાંના બોર્ડસ વાંચો-સમજો-જાણકારી કેળવો. તમારું બેંક એકાઉન્ટ જાતે ઓપરેટ કરો.

૫) પપ્પા-મમ્મીને પૂછીને પાંચ દવા (મેડીસીન)ના નામ ભેગા કરો. કદાચ ઘરમાં કોઈને ગોળી લેવી પડતી હોય તો તેવા પાંચ નામ ભેગા કરો. એક-એક કરીને દરેક દવાના નામ ગૂગલ પર સર્ચ કરો. હવે દવાની વિગતો વાંચવી હોય તો વાંચો, આગળ વધો, તે દવાની સાઈડ ઈફેક્ટસ્ (શરીર પર થતી આડઅસરો) વાંચો. આ બધી સાઈડ ઈફેક્ટસ્ લખી લો. હવે પાંચે પાંચ દવાની સાઈડ ઈફેક્ટસ્ લખી લો. આ બધી જ સાઈડ ઈફેક્ટસ્ એક સાથે વાંચો.

આજે જ તમારા પોતાના જીવનની સુખાકારી માટે દૃઢ સંકલ્પ કરો. હું નિત્ય નિયમીત કસરત કરીશ, યોગ કરીશ, બધું કરી છુટીશ પરંતુ ભગવાને આપેલી આ અણમોલ ભેટને હું હરહંમેશ સાચવીશ, તેની કાળજી લઈશ.

૬) આપણે ખાઈએ ત્યારે છ પ્રકારના સ્વાદ લાગે છે. ખારો, ખાટો, તીખો, તૂરો, કડવો, મધુર, મીઠો.

**બોલો બોલો કયો સ્વાદ છે ?**

| | | |
|---|---|---|
| (૧) ગુલાબજાંબુ | (૫) મરી પાપડ | (૯) પાકી કેરી |
| (૨) લીંબુ | (૬) બે દિવસનું દહીં | (૧૦) આંબોળિયા |
| (૩) ગોળ | (૭) મીઠું (નમક) | (૧૧) જલેબી |
| (૪) મરચું | (૮) કાચી કેરી | (૧૨) આમળા |

**નોંધ :** આમળા છ એ રસ ધરાવે છે. હંમેશા આમળા ખાવ, યૌવન ટકાવી રાખો. હંમેશા જુવાન રહો.

૭) ગુગલ પરથી સર્ચ કરો હવે ના બે વર્ષમાં કઈ નવી કાર (ગાડી) આવવાની છે. તેમાં શું ખાસિયતો હશે, તેનું એન્જીન કઈ કંપનીનું છે ? તેની કેપેસીટી શું છે ? વિધ-વિધ નવી નવી કારની માહિતી મેળવો. નોંધી લો.

આપણાં ફેફસા એ આપણા શરીરનાં એન્જીન છે. જો એન્જીન મજબૂત હોય તો જ ગાડી વ્યવસ્થિત ચાલે છે, પૂરપાટ વેગે દોડે છે. આપણા ફેફસા મજબૂત રાખવા પ્રાણાયામ, મોર્નીંગ વોક, જોગીંગ ચોક્કસ કરવા જોઈએ.

---

## ઘોડો

ચલ મેરે ઘોડા રે
તબડક તબડક !
જંગલ આવે, ઝાડી આવે,
નદીઓ આવે, નાળાં આવે;
તરસ લાગી છે ?
પાણી પીવું છે ?
ના.... ના.... ના.....
વાંકાચૂકા રસ્તા આવે,
ઊંચા ઊંચા પહાડ આવે,
થાક લાગ્યો છે ?
આરામ કરવો છે ?
ના.... ના.... ના....
મામાનું ઘર દૂર દૂર
ચાલ ઘોડા તું ચતુર
ઘાસ ખાવું છે ?
ચણા ખાવા છે ?
ના.... ના.... ના....



# જે. જે. શ્રી ગોકુલેશ



# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson ®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912

**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).



# રામનો રાજ્યાભિષેક

**બાળકને વાર્તા વાંચી સંભળાવો, પ્રશ્નોના ઉત્તર સમજાવો**

ગુરુ વશિષ્ઠના કહેવા મુજબ સારો દિવસ જોઈ રામનો રાજ્યાભિષેક કરવાનું દશરથે નક્કી કર્યું. રાણી કૈકેયીની દાસી મંથરા કૈકેયીને કહે છે, ‘હે રાણીમા! ભરતની ગેરહાજરીમાં દશરથ રાજા રામને ગાદી પર બેસાડે છે. હે કૈકેયી! તમારે રાજા દશરથ પાસે બે વરદાન માગવાનાં બાકી છે તે માગી લો. આજે સારો મોકો છે. એક તો ભરતને રાજગાદી અને બીજું રામને ચૌદ વર્ષનો વનવાસ.’ રાજા દશરથ સાંજે કૈકેયી પાસે ભોજન લેવા આવ્યા ત્યારે મોકો જોઈને કૈકેયીએ દશરથને યાદ કરાવ્યું કે, ‘મારે તમારી પાસે બે વરદાન માગવાનાં છે. આજે મારી ઈચ્છા બન્ને વરદાન માગી લેવાની છે. દશરથે કહ્યું, ‘માગી લે.’ કૈકેયીએ કહ્યું, ‘પહેલું વરદાન ભરતને રાજગાદી પર બેસાડો અને બીજું રામને ચૌદ વર્ષ વનવાસ. આવતીકાલે રામ માટે રાજ્યાભિષેકને બદલે વનવાસનાં કપડાં મંગાવો.’ દશરથને ખૂબ જ આઘાત લાગ્યો. કૈકેયીને કહ્યું, ‘તું વિશ્વાસઘાતી થઈ ? તે આ શું માંગ્યું. ?’

‘સવારે દશરથ મોડા પડયા. કૌશલ્યા વિચારવા લાગ્યાં કે આજે રામનો રાજ્યાભિષેક છે અને આમ મોડા કેમ ? દશરથ આવ્યા. પગ લથડાય છે. કૌશલ્યાએ પૂછયું,‘શું થયું ?’ જ્યારે માણસને આઘાત લાગે, દુઃખ થાય ત્યારે ગળું સૂકાય છે. દશરથે પાણી માગ્યું. કૌશલ્યાએ કહ્યું,‘કુલગુરુ વશિષ્ઠને બોલાવો.’ વશિષ્ઠ આવ્યા. બાજુમાં કૌશલ્યા બેઠાં છે. દશરથે વિશિષ્ઠને કહ્યું,‘રામનો રાજ્યાભિષેક નહીં થાય. રામે વનમાં જવાનું છે. આ વાત મારે રામને કહેવાની છે. રામને બોલાવો.’ રામ આવ્યા. દશરથે કૈકેયીએ માગેલાં બે વરદાનની વાત કરી. રામે કહ્યું, ‘પિતાજી આપની આજ્ઞા મારે શિરોમાન્ય છે. હું વનમાં જવા તૈયાર છું.’

‘સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન’ સુખ અને દુઃખ બે જોડિયા ભાઈ જેવાં છે. બન્ને સાથે જ ચાલે છે. ગઈકાલે રાજા થનાર રામ આજે વનવાસી થવાના છે.

‘આજે રામની વનવાસ જવાની તૈયારી ચાલવા લાગી. રામ સાથે સીતા અને લક્ષ્મણ પણ વનમાં જવાની તૈયાર થયા. ત્રણે જણા અયોધ્યા છોડી વનવાસી થયાં. રામ અને લક્ષ્મણે વનમાં અનેક રાક્ષસોને માર્યા. રામ જતાં દશરથે ભોજનનો ત્યાગ કર્યો. દશરથને ભૂતકાળ યાદ આવવા લાગ્યો. યુવાન બ્રાહ્મણપુત્ર શ્રવણને હરણ સમજી બાણથી વીંધી નાખી મારી નાખેલો, તે યાદ આવ્યું. શ્રવણનાં આંધળાં મા-બાપે દશરથને ચોધાર આંસુએ રડતાં રડતાં શ્રાપ આપેલો, ‘હે રાજા દશરથ ! જીવનમાં જુવાન દીકરો જાય ત્યારે માતા-પિતાનું જીવન કેટલું ખાટું થઈ જાય ! અમને અમારો શ્રવણ જતાં જીવન જીવવા જેવું રહ્યું નથી. તારા અંતકાળે અમારા જેવો પુત્રવિયોગ થશે.’ શ્રાપ આપી શ્રવણના મા-બાપે પ્રાણ ત્યાગ કર્યો. પુત્રશોકથી દશરથના પ્રાણ ગયા. તેના અંતકાળ વખતે ચાર દીકરામાંથી એકેય દીકરો પાસે નહીં. મોસાળ ગયેલ ભરતને પિતાના અવસાનના દુઃખદ સમાચાર મળતાં ખૂબ જ આઘાત લાગ્યો. અયોધ્યા આવી માતા કૌશલ્યાને પ્રણામ કરી ભરતે કહ્યું, હે, મા જો મેં રાજગાદીનો વિચાર સુદ્ધાં કર્યો હોય તો મને બ્રહ્મહત્યાનું પાપ લાગે’. ભરત મોટાભાઈ રામ પાસે તપોવનમાં આવ્યા. રામને રાજ્યમાં આવી રાજકારભાર સંભાળી લેવા ખૂબ સમજાવ્યા, પરંતુ રામે કહ્યું, ‘ભાઈ ભરત ! પિતાના વચન મુજબ હવે ચૌદ વર્ષ પછી જ હું રાજગાદી સંભાળીશ. ત્યાં સુધી તું અયોધ્યાની

I.S.W.P. BHS

Mr. BHARAT K. DOSHI
98210 27136

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS,
ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

સંભાળ રાખજે. ભરતે રામની પાદુકા અયોધ્યાની રાજગાદી પર રાખી જવની ભાખરી ખાઈ અયોધ્યાનો રાજકારભાર સંભાળ્યો'

રામ, સીતા, લક્ષ્મણ વનમાં રહેતાં હતાં. સોનાના મૃગનો શિકાર કરવા રામ મૃગની પાછળ ગયેલા. સુવર્ણમૃગ, મૃગ ન હતો, સુવર્ણમૃગ રાવણે મોકલાવેલ માયાવી રાક્ષસ હતો. બ્રાહ્મણવેશ લઈ ભિક્ષાના બહાને આવી રાવણ સીતાનું હરણ કરી ગયો. રામનું બાણ માયાવી મૃગને લાગતાં માયાવી મૃગ રાક્ષસ બની ગયો અને મરી ગયો. 'લક્ષ્મણ લક્ષ્મણ' પોકારતો ગયો. આ પોકાર સીતાએ સાંભળ્યો. લક્ષ્મણને કહ્યું, 'લક્ષ્મણભાઈ, તમારા મોટાભાઈ મુશ્કેલીમાં લાગે છે. તમને બોલાવે છે. તમે રામની મદદે જાવ.' લક્ષ્મણ સીતાની કુટિર પાસે લક્ષ્મણરેખા દોરી રામને શોધવા ગયા.

'રાવણ બ્રાહ્મણવેશે જ્યારે ભિક્ષા લેવા આવ્યો ત્યારે સીતા લક્ષ્મણરેખા વટાવી બહાર ભિક્ષા આપવાં આવ્યાં કે તરત જ રાવણ સીતાને ઉપાડી ગયો. રામ-લક્ષ્મણ કુટીરમાં આવ્યા. સીતાજી કુટીરમાં ન હતાં. ચારેબાજુ તપાસ કરી. તપાસ કરતા ખબર પડી કે રાવણ સીતાને ઉપાડી લંકામાં લઈ ગયો છે. શ્રીરામે રાવણના ભાઈ વિભીષણને બોલાવી રાવણને સમજાવવા કહ્યું, સીતાને પાછી આપી દેવા કહ્યું. સીતાને બળજબરીથી ઉપાડી જવી ખૂબ મોટો અન્યાય થયો છે, પણ રાવણ માન્યો નહીં, યુદ્ધ થયું. રામે રાવણને માર્યો. સીતાજીને લઈ આવ્યા. સીતાજી સર્વાંગ શુદ્ધ હતાં. સીતાની અગ્નિકસોટી કરી.ચૌદ વર્ષ પૂરાં થયાં એટલે રામ અયોધ્યા આવવા નીકળ્યા. પુષ્પક વિમાનમાં બેસી રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન આવ્યાં હતાં. રસ્તામાં ભરતને રામના આવવાના સમાચાર આપ્યા. પૂજામાં બેઠેલા ભરતે હનુમાનને જોયા. સ્વાગત કર્યું. ભરતે રામ, લક્ષ્મણ, સીતાનું સ્વાગત કર્યું. બધા અયોધ્યા આવ્યાં. રામનો રાજ્યાભિષેક કર્યો.

*****

**નીચે આપેલા સવાલના જવાબ બાળકને સમજાવો**

૧) રાણી કૈકેયી એ રાજા દશરથ પાસે કયા બે વરદાન માંગ્યા ?

૨) રામની સાથે વનમાં કોણ કોણ ગયું ?

૩) દશરથ રાજાને ભૂતકાળની કઈ ઘટના યાદ આવી ?

૪) અયોધ્યાનો રાજકારભાર ભરતે કઈ રીતે સંભાળ્યો ?

૫) લક્ષ્મણરેખા શા માટે દોરવામાં આવી ?

૬) લંકાનો રાજા કોણ હતો ? તેને કોણે માર્યો ?

**ખાલી જગ્યા પૂરો**

૧) ................ વિમાનમાં બેસી રામ-લક્ષ્મણ-સીતા-હનુમાન આવ્યાં હતાં

૨) ભરતે કહ્યું,'હે મા, જો મે રાજગાદીનો વિચાર સુધ્ધાં કર્યો હોય તો મને............................નું પાપ લાગે.

૩) પિતાજી આપની આજ્ઞા મારે .................. છે.

૪) .................. રાવણે મોકલાવેલ માયાવી રાક્ષસ હતો.

૫) શ્રી રામે રાવણના ભાઈ................ ને બોલાવી રાવણને સમજાવવા કહ્યું.


# ગરબાની કડી જોડો

(૧) બેડાં મેલ્યાં માનસરોવર પાળ જો,
(૨) નથણી લવિંગિયાં ને ઝૂમખાંમાં
મોંઘા મોતી મઢાવજો રે
(૩) ઘૂમતો ઘૂમતો જાય, આજ
માનો ગરબો ઘૂમતો જાય
(૪) મથુરાને વાટે મહીં વેચવાને નીસરી
નટખટ નંદનો કિશોર માંગે છે દાણજી
(૫) લાંબો છેડો છાયલનો ને ગજરો ભારોભાર
(૬) તમે ઓલું લાવજો, પેલું લાવજો,
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા
(૭) નટવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં
નંદકુંવર, ફુલકુંવર નાનો રે
(૮) આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા

(ક) હોં કે પેલું, લાવજો રે હો મારવાડા
(ખ) પવન ઝપાટા ખાય તો ય
માનો ગરબો ઘૂમતો જાય
(ગ) લટક મટકની ચાલ
ચાલતી જુઓ ગુર્જરી નાર
(ઘ) પાટણથી પટોળાં મોંઘા લાવજો
(ચ) ગેડી-દડો કાનાના હાથમાં
(છ) ઈંઢોણી વળગાડી રે,
આંબલિયાની ડાળીએ રે લોલ
(જ) મારી પાનીયું બળી બળી જાય રે,
કાનુડા તારા મનમાં નથી
(ઝ) મારે દાણ લેવાને દેવા મહિયારાં રે....

**જવાબ : (૧) છ, (૨) ઘ ,(૩) ખ, (૪) ઝ, (૫) ગ, (૬) ક, (૭) ચ, (૮) જ**


જે જે શ્રી ગોકુલેશ

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**
**પ્રાર્થના સભા માટે**

**સંપર્ક સાધવો**

**ભરતડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**
**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**
**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**
**Email : ranjeetdossa@yahoo.com**
**Website : www.rhythmicgroups/.com**

G/3, Raman Smruti, 138, V.P.Road,
Sicka Nagar, Mumbai - 400 004
Resi : 022-23811333 / 66372275




NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# યાદ આવ્યાં સ્કૂલના દિવસો!!!

**કવિતાની પંક્તિમાં ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો**

(૧) અમૃત ભરેલું અંતર જેનું, ............. જેવડું સત્
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,
ગગો એનો .......... કામે, ગીગુભાઈ નાગજી નામે

**– કવિ ઈંદુલાલ ગાંધી**

(૨) આ નભ ઝૂક્યું તે કાનજી, ને ચાંદની તે રાધા રે, આ
ચાલ્યાં ચરણ તે કાનજી........... પડે તે રાધા રે,
આ કેશ ગૂંથ્યા તે કાનજી ને.......... પૂરી તે રાધા રે.

**– કવિ પ્રિયકાંત મણિયાર**

(૩) ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં, ભૂરૂં
છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી................
ઠંડો હિમભર્યો વહે અનિલ શો, ઉત્સાહને પ્રેરતો, જે
ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં, મીઠાં................

**– કવિ કલાપી**

(૪) ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ
ને ગમતાં નો કરીએ .......................
આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,
...................માં સમાય એવી પ્રીતિ તો પાંગળી,
સમદરની લ્હેર લાખ સુણી ક્યાંય સાંકળી?

**– કવિ મકરંદ દવે**

(૫) એક મૂરખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ, પાણી
દેખી કરે સ્નાન,......... દેખી તોડે પાને, એ તો અખો
બહુ ઉત્પાત, ઘણા ...... એ ક્યાંની વાત?

**– કવિ અખો**

(૬) જનનીના જોડ સખી! નહિ જડે રે લોલ,
મીઠા મધુ ને મીઠા............. રે લોલ,
એથી............ તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ

**– કવિ બોટાદકર**

(૭) ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધુમસે.............. સરખો,
નદી વચ્ચે ઊભો, નિરભયપણે એક સરખો. દીસ્યો
હાર્યો જોધ્ધો, હરિતણું હૃદે........... ધરતો, સવારે
એકાંતે, કબીરવડ એ શોક હરતો.

**– કવિ નર્મદ**

જવાબ : **(૧) સાગર, મુંબઈ (૨) પગલી, સેંથી**
**(૩) વાદળી, ગીતડાં (૪) ગુલાલ, પંડ**
**(૫) તુલસી, પરમેશ્વર (૬) મેહુલા, મીઠી**
**(૭) પ્હાડ, ધ્યાન.**

---

# માના પૂજનમાં ચાર ચાર ફૂલ

માના પૂજનમાં ચાર ચાર ફૂલ
મનડું જોઈ બન્યું મશગુલ. માના....
એક ફૂલ જાણે મારી માતાનું મુખડું,
મઘમઘતું મોગરાનું ફૂલ,
એની વાણી મ્હેકે ત્રણે ભૂવનમાં
અનોખું ને અણમોલ.. માના....
બીજું ફૂલ જાણે માતાની આંખડી,
નમણું કુમુદનું ફૂલ,
એની અમી ભરી દૃષ્ટિ પ્રકાશે,
ભક્તોને તે અનુકૂલ. માના....
ત્રીજું ફૂલ જાણે મારી માતાના હાથ છે
મોઘેરું જાસુદનું ફૂલ
એની આશિષથી કંઈ કંઈ ઊગર્યા,
બાંધ્યો મુક્તિનો પૂલ. માના....
ચોથું ફૂલ જાણે મારી માતાના પગલાં,
સોહામણું ગુલાબનું ફૂલ,
નવલી નવરાતના દિનને ઉજાળતાં.
'શાન્તિ' કરે છે અતુલ. માના....
માના પૂજનમાં ચાર ચાર ફૂલ
મનડું જોઈ બન્યું મશગુલ.

# નલકુબેર અને મણિગ્રીવ નો ઉદ્ધાર

'ગોપીઓ વારંવાર યશોદાને કાનાની ફરિયાદ કરતી હોવાથી મા યશોદાને ગુસ્સો ચડયો. અત્યંત વહાલા, સુકુમાર તોફાની કાનને આજે હું સજા કરું. ગોપીઓની ખૂબ ફરિયાદ આવે છે. માએ નક્કી કર્યું આજે કાનને ખાંડણિયા સાથે બાંધી દઉં. કાનુડાને બે હાથ પકડી ખાંડણિયા પાસે ઊભો રાખ્યો. દોરીથી બાંધવાં માંડયાં. દોરી ખૂટવા લાગી. ગોપીઓ માને દોરી આપતી જાય છે પણ ભગવાન બંધાતા નથી. માતા યશોદા મૂંઝાયા. તે જોઈ ભગવાન જાતે જ બંધાઈ ગયા. કાનુડો ખાંડણિયા સહિત ઘસડાતો ઘસડાતો બગીચામાં આવ્યો. બગીચામાં બે ઝાડ હતાં. ભગવાનનો જમણો અંગૂઠો ઝાડને અડતાં ઝાડ મટી બે પુરુષો ઉત્પન્ન થયા. બન્નેએ ભગવાનને વંદન કર્યા. ભગવાન કહે,'બેસો, કોણ છો તમે?' અમે કુબેરના દીકરાઓ છીએ. નળકુબેર અને મણિગ્રીવ અમારાં નામ છે. શ્રીમંતના દીકરામાં દુર્ગુણ ન આવી જાય તેની સંભાળ લેવાનું ભગવાન વડીલોને કહે છે. અમે કુબેરના દીકરા સોળ વર્ષની ઉંમરે ગંગાકિનારે સ્નાન કરવા જતા હતા. ઠંડી જોરદાર હતી. રસ્તામાં મદિરાપાન કર્યું. અપ્સરા નૃત્ય કરતી હતી ત્યાં અમે જવા લાગ્યા. રસ્તામાં નારદજી મળ્યાં. તેમને અમને વાર્યા. અમે માન્યા નહીં. નારદજીએ શાપ આપ્યો, 'બન્ને ઝાડ થજો' શાપ મળતાં જ અમને જ્ઞાન થયું. ભૂલ સમજાઈ. અમે નારદજીના પગે પડયા. માફી માગી. નારદજીએ કહ્યું,'જ્યારે તમને ભગવાનને ભેટો થશે તેમનાં ચરણારવિંદ તમને અડકશે ત્યારે તમારે ઉદ્ધાર થશે. હે ભગવાન! ત્યારથી અમે તમારી રાહ જોતા હતા અમે તમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ.' ભગવાન કહે, 'માગો માગો, હું તમને શું આપું?' બન્ને માગ્યું,'અમારી વાણી તમારા ગુણ ગાય. અમારા કાન તમારી કથાશ્રવણ કરે. અમારા પગ યાત્રા માટે વપરાય. અમારું મસ્તક તમારા ચરણમાં રહે. હે ઠાકોરજી! અમને એવી સ્તુતિ આપો કે ભગવાન જગતનિયંતા છે તે અમને સતત યાદ રહે. 'ભગવાન ખુશ થયા. બન્નેને કહ્યું, 'તમારું કલ્યાણ થાઓ.'

'બગીચામાં યશોદાએ બાલકૃષ્ણને જોયા. નંદ-યશોદા બગીચામાં આવ્યાં. નંદરાયે ખાંડણિયાથી કાનને છૂટા કર્યા કહે,'યશોદા, અહીં આવો. આ શું કર્યું? કાનની કમર પર કેવો કાપો પડી ગયો છે.? જાવ, તેલ લઈ આવો.' નંદરાય ફૂંક મારી કાનની કમર પર તેલ લગાડવા લાગ્યા. દોરડાનો ડાઘ કમર પર તોય રહી ગયો. ડાઘ જોઈ યશોદા-નંદને ખૂબ દુઃખ થયું. બન્ને ખૂબ રડયાં. ગોકુળ ગામનાં બધાં લોકો કાનને જોવાં આવ્યાં. ભગવાન કહે,'બધાંને જમાડો. મારા પરના પ્રેમભાવને લીધે સહું આવ્યાં છે. કોઈ જમ્યા વિના ન જવું જોઈએ.'

'ઉપનંદ નામનો ગોવાળિયો નંદરાય પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે ધરતીકંપ થાય છે અને ઝાડ પડે છે. બધાં ભેગાં થઈ જાવ. આખું ગોકુળગામ ભેગું થયું. સહુ વિચારવા લાગ્યા, માનો કે ન માનો પણ આ બાલકૃષ્ણના જન્મ પછી અહીં અનેક રાક્ષસો આવ્યા. આ જગ્યા ખાલી કરી બીજે ક્યાંક જતાં રહીએ. બધાંએ ભેગાં મળી વિચાર્યું કે જવું પણ ક્યાં જવું? બાજુમાં વૃંદાવન છે ત્યાં જતાં રહીએ. એમ બધાંએ નક્કી કર્યું. કાનુડાને પાંચમું વર્ષ ચાલતું હતું. ગોકુળ છોડી સૌ વૃંદાવન આવવા નીકળ્યાં. રસ્તામાં મોરલા નૃત્ય કરતા હતા. ભગવાન બાલકૃષ્ણનું કામદેવ જેવું સુંદર સ્વરૂપ હતું. માથે મોરપિચ્છનો મુગટ પહેર્યો હતો. કાનમાં પુષ્પ પહેર્યા હતાં, પીળું પીતાંબર પહેર્યું હતું અને વેણું વગાડતા હતા. ગોકુળવાસીઓ 'કૃષ્ણ કનૈયાલાલ કી જય' કરતા કરતા ગોકુળ છોડી વૃંદાવનમાં આવ્યાં. ભગવાને બધાં માટે રહેવાની સુંદર વ્યવસ્થા કરી. ગાયો માટે ગૌશાળા બનાવી. સવારે વહેલા ઊઠી માતાપિતા અને ગાયને પ્રણામ કરવા. માતા પિતાને કામમાં મદદ કરવી, વનમાં વાછરડાં ચરાવવા જવું આ નિત્યક્રમ બાલકૃષ્ણ ભગવાને વૃંદાવન આવી શરૂ કર્યો.' ✤✤✤

એક શુભેચ્છક ના જે જે શ્રી ગોકુલેશ

# મહાત્માની અમૃત વાણી

બરફનો સ્વભાવ છે ઠારવાનો,
અગ્નિનો સ્વભાવ છે બાળવાનો,
ઝેરનો સ્વભાવ છે મારવાનો,
જ્યારે દેવગુરુ અને ધર્મનો સ્વભાવ છે તારવાનો.

પ્રત્યેક પળની માણસ પાસે કિંમત હોવી જોઈએ.
પ્રત્યેક પરિસ્થિતિમાં માણસ પાસે હિંમત હોવી જોઈએ.
ગંતવ્ય સ્થાને પહોંચવાની સાચી જહેમત હોવી જોઈએ.

જે ઘરમાં સભ્યોમાં સંપ નહિ
તે ઘરમાં રોજના ધરતીકંપ થાય છે.
સંપત્તિ અને સગવડ ઘરમાં ઓછી હોય
તો ચલાવી લેજો પણ ઘરમાં સંપ–પ્રેમ
અને સ્નેહનો દીવડો બુઝાઈ નહી એનો ખ્યાલ રાખજો

સારૂ સારૂ ભેગું કરવામાં સારી
જિંદગીને ખરાબ બનાવી દેવાની ભૂલ
ક્યારેય કરશો નહિ.

સંપત્તિ કે સ્વજનો હશે તો
તમારી સેવા કોઈ કરશે તે તમારી ભ્રમણા છે,
વાસ્તવિકતા એ છે કે
જીવનું પુણ્ય જ જીવની બાહ્ય સેવા કરે છે
જો તમારું પુણ્ય ન હોય તો પેટ
જણ્યો પણ વૃધ્ધાશ્રમમાં પહોંચાડી દેશે.

તમે જગતમાં કાંઈ પણ
બદલી શકવા સમર્થ હો તો માત્ર
તમારી જાત સિવાય કાંઈ
બદલી શકવા સમર્થ નથી

ધર્મનું વાંચન કરતા રહો,
કોક વાક્ય હૃદયમાં વાગી જશે
વાગેલું વાક્ય તમારા જીવનનો
સમ્યક વળાંક બની જશે.

માણસ પુણ્યની મહેરબાનીથી મોટો બને છે
પાપની કાતિલતાથી ખોટો બને છે
જ્યારે ધર્મની સાત્વિકતાથી સાચો બને છે.

વખાણ અને ઓળખાણ બન્ને ખાણ છે.
સાવધાની રાખવામાં થાપ ન ખાતા
નહિતર સીધા ખાણ ભેગા થઈ જશો.

વસ્તુ બગડી જવાથી જે
નુકશાન થવા નથી પામતું તેના
કરતાં વધુ નુકશાન કોઈના દિલને
દુભાવવાથી થતું હોય છે.

કિનારો દેખાતા નાવિક સઢ છોડવા માંડે છે
'ધી એન્ડ' આવતા પ્રેક્ષકો થિયેટર છોડવા માંડે છે
તેમ
ઘડપણ આવતા જ માણસે સંસારની
રમતો, માયા, કપટ મારું તારું છોડવા માંડવા જોઈએ.

ઉગતા સૂરજને સવારે અભિમાન નથી આવતું,
કારણ કે સાંજે અસ્ત દેખાય છે
અસ્ત પામતા સૂરજને આંખમાં આંસુ નથી આવતા
કારણ કે આવતી કાલનો ઉદય દેખાય છે.
સુખ અને દુઃખ નુય આવું જ છે કોઈ કાયમ ટકવાનું નથી.

નાક સંતુષ્ટ બને છે અત્તરથી
આંખ ઠંડક અનુભવે છે સુરમાથી
જીભને મજા આવે છે મિષ્ઠાનથી
કાન ઝૂમી ઉઠે છે કર્ણપ્રિય સંગીતથી
પણ....
માનવ જીવન શોભી ઉઠે છે ધર્મથી


રોગ આવે તેવું ખાશો નહીં,
રાગ થાય તેવું જોશો નહીં,
કલેશ થાય તેવું બોલશો નહીં,
દુઃખ થાય તેવું કરશો નહીં.

✳✳✳✳✳

# શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર



# શ્રી ફગવા ઉત્સવ



## શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ

**ઉત્સવોનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ.**

**આવતા વર્ષે આ ફગવા ઉત્સવનું આયોજન**

**તા. ૪–૩–૨૦૨૦ના બુધવારના દિવસે ઉજવવામાં આવશે.**

## ઉત્સવના મનોરથી

**સ્વ. મણીબેન મણીલાલ શાહનો સહપરિવાર**

પ્રવીણચંદ્ર મણીલાલ શાહ
રાજુભાઈ મણીલાલ શાહ
વિજય મણીલાલ શાહ (કનુભાઈ)
સ્વ. શોભનાબેન પ્રવીણચંદ્ર શાહ

## ના જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) ઈકો કેમ્પ :** તા. ૭-૪-૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૪૨ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૨-૪-૧૯ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૭ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**સુધારો :** ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં વધુ નોંધાયેલ દાનમાં

(૧) ગત એપ્રિલ - ૧૯ના અંકમાં પાના (૨) ઉપર સ્વ. કમળાબેન મોહનલાલ ધારીઆ ચેરીટેબલ ટ્રસ્ટ હ. પ્રફુલભાઈ ધારીઆ તથા જીતુભાઈ ધારીઆ સુધારો વાંચવા વિનંતી.

(૨) ઉપરાંત ડીસે.-૧૮ના અંકમાં શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ - ૧ મિતિ છાપી છે અને એપ્રીલ-૧૯ના અંકમાં ૯ મિતિ છાપી છે તો ૯ ને બદલે ૮ મિતિ સુધારો વાંચવા વિનંતી.

(૩) તેમજ માહે માર્ચ-૧૯ના અંકમાં નીચે મુજબના બે નામો (૧) શ્રી વિરેન્દ્રભાઈ કંચનલાલ ગાંધી-૧ મિતિ તથા (૨) શ્રી જીતેન્દ્ર કીર્તનલાલ શાહ-૧ મિતિ છાપેલ છે અને તે નામો માહે એપ્રીલ-૧૯ના અંકમાં શરતચૂકથી બીજીવાર નામો છપાયા છે. તો તે સુધારો વાંચવા વિનંતી.

**વધુ નોંધાયેલ મિતિ**

| | | | |
|---|---|---|---|
| ૧. | કુસુમબેન ગોકલદાસ ગાંધી તથા ગોકલદાસ ઓચ્છવલાલ ગાંધી | - | ૦૨ મિતિ |
| ૨. | હિતેષ સી. ત્રિવેદી | - | ૧૦ મિતિ |
| ૩. | પુષ્પાબેન સુરેશચંદ્ર દેસાઈ (પેઢીવાળા) | - | ૦૧ મિતિ |
| ૪. | નવીનભાઈ રમણલાલ દેસાઈ હ. ડૉ. સંજય એન.દેસાઈ | - | ૦૧ મિતિ |
| ૫. | કીર્તી હીરાલાલ કડકીઆ | - | ૦૨ મિતિ |
| ૬. | પ્રકાશ ઓચ્છવલાલ કચેરીઆ | - | ૧૮ મિતિ |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

---

# કીયા ગુનામાં લૂંટી કાનુડે મને



કીયા ગૂનામાં લૂંટી રે, કાનુડે મને કીયા ગૂનામાં લૂંટી
સામે મંદીરીએ બેઠી હાર પરોવતી, નજર ચૂકીને શર ટૂટી, રે કાનુડે મને
સોના રૂપાનો મારો ઘાટ ઘડુલો, હાથ વછૂટતા હેલ ફૂટી, રે કાનુડે મને
ઓઢવા હીરચીર પેરવા પાંભડી, છેડે સોનેરી બૂટી કાનુડે મને કીયા....
પુરશોતમ પ્રભુ પ્રાણ અમારા, ચરણમાં રહી ને હું છૂટી, રે કાનુડે મને

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત
## બાલાસિનોર મેડિકલ સેન્ટર
### (શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ)

મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ – ૭. Contact : 23670169 E : vdnm.medicaltrust@gmail.com

સર્વે જ્ઞાતિજનો,

આપણી સંસ્થાએ મે. **NM Medical** ના સૌજન્યથી તેઓના નીચે મુજબનાં **Health Plan** ઉપર 'એક પર એક ફ્રી' (Pay for One Second Free), મુજબ ફક્ત આપણાં જ્ઞાતિજનો માટે ઓફર આપેલી છે.

| Sr. | Description of Plan | Amount |
|---|---|---|
| 01 | NM Health Plan - **Primary** | 3,500/- |
| 02 | NM Health Plan - **Gold** | 6,950/- |
| 03 | NM Health Plan - **Gold Plus** | 9,950/- |
| 04 | NM Health Plan - **Platinum** | 17,500/- |
| 05 | NM Health Plan - **Diamond** | 27,500/- |
| 06 | NM **H360 Deluxe** Health Plan | 59,500/- |
| 07 | NM **Senior Citizen** Health Plan | 7,000/- |

## નિયમો

૧) જે બે વ્યક્તિઓએ ઉપરનાં **Health Plan** મુજબ ટેસ્ટ કરાવવાનાં હશે તેઓએ આપણાં બાલાસિનોર મેડીકલ સેંટર (મહેતા હાઉસ, ૨જે માળે, ચોપાટી મુંબઈ – ૪૦૦ ૦૦૭, ટે. ૨૩૬૭૦૧૬૯) ઉપરથી નીચે મુજબની વિગતો જણાવી પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે.

- બન્ને વ્યક્તિઓના પૂરાનામ, ખીજ તથા સરનામાં.
- મોબાઈલ તથા લેન્ડલાઈન નંબરો તથા **Email Address.**
- **Health Plan**નું નામ (બન્ને વ્યક્તિઓને એકજ સરખો પ્લાન આપવામાં આવશે. આ સ્કીમમાં અલગ પ્લાન શક્ય નથી).
- ઉપર મુજબની વિગતોવાળું પ્રમાણપત્ર **NM Medical**માં આપવું જે આપણાંજ સેંટરવાળા મકાનમાં ૧લે માળે આવેલું છે.

૨) ઠરાવેલ **Health Plan**ની પૂરી રકમ **NM Medical**માં ભરવાની રહેશે જે આપ નકદ અથવા ક્રેડીટ કે ડેબીટ કાર્ડ દ્વારા જમા કરાવી શકો છો. આ રકમ ફક્ત **NM Medical** ના **Center** જે મહેતા હાઉસ, ૧લે માળે આવેલું છે, ત્યાંજ જમા કરાવવાની રહેશે. અન્ય કોઈ **NM Medical Center** માં રકમ જમા કરાવશો તો તેના માટે સંસ્થા જવાબદાર નહીં રહે.

૩) રકમ ભર્યાનું પાકું બીલ **NM Medical Center** જ આપશે.

૪) મુંબઈ તથા પરામાં આવેલા NM Medical નાં સેંટરમાં તમે નક્કી કરેલો Health Plan available હશે ત્યાં તમે તમારી મરજી મુજબ જઈ ટેસ્ટ કરાવી શકશો. NM Medical ના સ્ટાફ દ્વારા આપેલી તારીખ, સમય તથા જરૂરી સુચનાઓ પ્રમાણે ટેસ્ટ કરાવવા અનિવાર્ય છે.

૫) તમારો રિપોર્ટ તમે જે સેંટરમાં ટેસ્ટ કરાવશો તેજ સેંટર ઉપર તમારાં બીલની સામે અપાવમાં આવશે.

૬) Health Plan ની વિગતો આપ NM Medical ના કોઈપણ સેંટર ઉપરથી અને આપણાં મેડીકલ સેંટરથી પ્રાપ્ત કરી શકો છો. અથવા તેમની વેબસાઈટ www.nmmedical.com ઉપર પણ જોઈ શકો છો.

૭) આ સ્કીમ ફક્ત ૩૧ જુલાઈ, ૨૦૧૯ સુધી અમલમાં રહેશે તેની ખાસ નોંધ લેશો.

૮) વધુ વિગતો માટે સમાજના મંત્રીઓનો સંપર્ક કરી શકો છો.

૧) શ્રી નીતીન જે. પરીખ – ૯૮૨૧૦૩૯૦૮૭

૨) શ્રી નિમીષ મ. કડકીઆ (મલમ) – ૯૮૨૧૦૧૪૩૪૪

૩) શ્રી મંજુલ એસ. ધારીઆ – ૯૮૨૦૧૩૫૦૧૪

ઉપરોક્ત સ્કીમ ફક્ત દશાનીમા વણિક જ્ઞાતીના બાલાસિનોરવાસીઓ માટે જ છે.

નોંધ : મંડળ NM Medical ના શ્રી ડૉ. નિલેશભાઈ શાહ તથા શ્રી રાહીલભાઈ શાહના આભારી છે.

## જ્યોતિપુંજ માટેની જાહેરાતના નવા ભાવ નીચે મુજબ

| પાના | માસિક રૂા. | વાર્ષિક રૂા. |
|---|---|---|
| આખું પાનું | ૧,૫૦૦ | ૧૦,૦૦૦ |
| અડધું પાનું | ૧,૦૦૦ | ૭,૦૦૦ |
| પા પાનું | ૭૦૦ | ૪,૦૦૦ |
| બીજું કલર કવર પેજ | ___ | ૨૧,૦૦૦ |
| ત્રીજું કલર કવર પેજ | ___ | ૨૧,૦૦૦ |
| છેલ્લું કલર કવર પેજ | ___ | ૨૫,૦૦૦ |

# શ્રી વાડસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપરોક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૧૯-૨૦૨૦) ના શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ તા. ૧-૬-૨૦૧૯ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૧૦-૮-૨૦૧૯ સુધી સંપૂર્ણ વિગતો સાથે ભરીને તેજ સ્થળે આપી જવા.

**-: અરજીપત્રક સંપૂર્ણ વિગતો ભરીને પાછા આપવાનું સ્થળ :-**

૧. **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા) :** બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. સમય સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૫.૩૦ કલાક દરમ્યાન

૨. **શ્રી કીર્તિભાઈ હીરાલાલ કડકીઆ (લટકારી) :** શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧ લે માળે, ૪૫/૪૭ બાબુગેનુ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨. સમય : સોમવાર થી શનિવાર બપોરે ૪ થી ૬ કલાક દરમ્યાન.

**-: મંજૂર થયેલ શૈક્ષણિક સહાયનો ચેક મેળવવાનું સ્થળ :-**

૧. **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ :** શ્રીપતી આર્કેડ, ૨૩ માં માળે, એ.કે. માર્ગ, નાના ચોક, મુંબઈ-૪૦૦૦૩૬. **સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન.

**-: પારિતોષિક યોજના :-**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૯ અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી મિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી મંડળ/ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

૧. **નોંધ :** આ યોજના (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજેના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થી મિત્રોએ પરિણામ (માર્કશીટ) ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિનાં સભ્યોને તા. ૫-૮-૨૦૧૯ પહેલા મોકલાવી આપવા વિનંતી.

૨. સંપૂર્ણ વિગતો ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતીની મંજુરીને આધીન રહેશે.

**ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.**

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બીપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦** **શ્રી ધર્મેશ જયન્તીલાલ શાહ- ૯૮૨૦૩૪૧૩૭૧**

# બાલાસિનોર વિદ્યા મંડળ

## ઋણ સ્વિકાર

**સુવર્ણ જયંતિ સ્મરણિકા :** ૨૦૧૮-૧૯માં દાનની યાદી રજુ કરી હતી. જેમાં રૂા. ૭૨,૭૦,૭૨૨ના દાનની ૯૮ દાતા પરિવારો તરફથી મંગળવાર તા. ૧૯ માર્ચ ૨૦૧૯ સુધી મંજુરી મળી હતી. તે પછી આજ સુધીમાં (બુધવાર તા. ૨૪ એપ્રિલ ૨૦૧૯) બીજા ૧૬ દાતા પરિવારો તરફથી રૂા. ૧૨,૫૦,૦૦૦ ના દાનની રકમની મંજુરી મળેલ છે જે નીચે મુજબ છે.

| | | રૂપિયા |
|---|---|---|
| (૯૯) | નવનીતલાલ ચંદુલાલ પરીખ (તાતીયા) | ૨૫,૦૦૦ |
| (૧૦૦) | અમરીશભાઈ પ્રવિણચંદ્ર કચેરીયા | ૧ લાખ |
| (૧૦૧) | સુભદ્રાબેન નિરંજનભાઈ શાહ (ચટઈ) | ૧ લાખ |
| (૧૦૨) | ધર્મેશભાઈ દિનેશચંદ્ર મોદી | ૫૦,૦૦૦ |
| (૧૦૩) | પરેશભાઈ બાબુલાલ કડકિઆ | ૧ લાખ |
| (૧૦૪) | નયનાબેન શૈલેશકુમાર ધારિઆ | ૧ લાખ |
| (૧૦૫) | એક શુભેચ્છક | ૫૧,૦૦૦ |
| (૧૦૬) | કેતન બાબુલાલ મોદી (ચૌધરી) | ૧૧,૦૦૦ |
| (૧૦૭) | એક શુભેચ્છક | ૩,૦૦૦ |
| (૧૦૮) | શ્વેતાબેન રાકેશભાઈ કડકિઆ (ફાડિયા) | ૨૫,૦૦૦ |
| (૧૦૯) | મીરાબેન રવીતેજભાઈ કાપડીયા | ૫૦,૦૦૦ |
| (૧૧૦) | કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| (૧૧૧) | શ્રેયસભાઈ દિનેશભાઈ મોદી | ૧૧,૦૦૦ |
| (૧૧૨) | દીપકભાઈ સોમાલાલ પરીખ (ઘી વાળા) | ૨૧,૦૦૦ |
| (૧૧૩) | અંજુબેન વિમલભાઈ ગાંધી | ૧ લાખ |
| (૧૧૪) | એક શુભેચ્છક | ૫ લાખ |

આ માટે સૌ દાતાશ્રીઓનો, શુભેચ્છકોનો અને મંડળને ચૈતન્યવંતુ બનાવવામાં સીધી/આડકતરી, પરોક્ષ/અપરોક્ષ રીતે સંયોજિત/અસંયોજિત રહીને યોગદાન દેનારા સહુનો જાહેરમાં આભાર વ્યક્ત કરીએ છીએ.

## ક્ષમાયાચના

અત્યંત કાળજી લેવા છતાં દાતાઓની યાદી હેઠળ સુવર્ણ જયંતિ સ્મરણિકામાં અમારાથી ૨ ભુલો થઈ છે જેની જાહેરમાં ક્ષમા માંગીએ છીએ.

(૧) અંજુબેન વિમલભાઈ ગાંધી રૂા. ૧ લાખ સ્મરણિકામાં નામ છાપવાનું શરતચૂકથી રહી ગયું છે.

(૨) નિગમ કીર્તનલાલ શાહ તરફથી રૂા. ૫૦૦૦ મળ્યા હતા પરંતુ અમારી ભૂલ ના કારણે નિલેશ કીર્તનલાલ શાહ છપાઈ ગયું છે.

આશા રાખીએ છીએ કે બંને દાતા પરિવારો અમારી અજાણતા થયેલી ભૂલને માફ કરી દેશે.

## અવિસ્મર્ણીય ગુપ્ત દાન

સુવર્ણ જયંતિ નિમિત્તે એક અત્યંત સંવેદનશીલ અને ભાવનાશીલ દાતા પરિવાર તરફથી રૂા. ૫ લાખનું માતબર ગુપ્ત દાન નામ ન દેવાની અને પ્રસિદ્ધિ નહિ આપવાની શરતે મળ્યું છે.

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

**આ જન્મનો પૈસો આગલા જન્મમાં ૧૦૦ % કામ નહિ લાગે, પણ બની શકે કે આ જન્મના કર્મો જન્મો જન્મ સુધી કામ લાગશે તમારે શું ભેગું કરવું છે તે તમારા પર આધાર રાખે છે....!!!**

# ઘરમાં ગોકુળિયું ગામ

ઘરમાં કાશી ઘરમાં મથુરા, ઘરમાં ગોકુળિયું ગામ,
રે મારે નથી જાવું તીરથ ધામ, રે મારે નથી જાવું તીરથ ધામ.
માતા પિતાના ચરણોમાં છે અડસઠ તીરથ ધામ, રે મારે નથી જાવું તીરથ ધામ.
નિત્ય સવારે પગે લાગીને પછી કરવાં તે બીજાં કામ (૨)
પહેલાં માતા પછી રે પિતા પછી પ્રભુ કેરું નામ, રે મારે નથી જાવું તીરથ ધામ.
માતા પિતાની સેવા વિનાના, તીરથ નહીં આવે કામ (૨)
અબોધ બાળકને એટલું કહેજો, લઈને શ્રવણ કેરું નામ, રે મારે નથી જાવું તીરથ ધામ.
માવતર વિનાનાં અવતાર હરિનાં, ફોગટ ગયા છે તમામ (૨)
માતા કૌશલ્યા દેવકીના પેટે અવતર્યા ને અમર થયાં બે નામ, રે મારે નથી જાવું તીરથ ધામ.
ભક્તિ કરતાં પ્રભુ મળે છે, દેવ દેવી મળે છે તમામ (૨)
કોઈ કિંમતે ગોતો ધરમશી, માવતર મળે નહિ કોઈ ધામ, રે મારે નથી જાવું તીરથ ધામ.


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**


## પ્રકીર્ણ વિભાગ

### તેજસ્વી તારલા

❖ **અપેક્ષા સ્મિતા મયંક મહેતા (નાણાવટી)** B.D.S. ની ડીગ્રી મેળવી U.S.A. રજીગર્ડ યુનીર્વસીટીમાં માસ્ટર ઈન પબ્લીક હેલ્થ (M.P.H.) અને ડૉક્ટર ઈન ડેન્ટલ સર્જન (B.D.S.) માં ઉર્ત્તીણ થઈ સફળતા મેળવી છે. સંસ્થાવતી તેઓને હાર્દિક અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ કાંતીલાલ વી. શાહ (કવી) (બાલાસિનોર) | ૯૫ |
| ❖ સુરેશચંદ્ર ચીમનલાલ ધારીયા (બલબલ) | ૮૩ |
| ❖ સરોજબેન મુકુંદલાલ રમણલાલ મોદી | ૭૬ |
| ❖ પ્રફુલચંદ્ર ઓચ્છવલાલ શેઠ | ૮૩ |
| ❖ બીપીનભાઈ મણીલાલ છોટાલાલ કડકીઆ (લટકારી) (U.S.A.) | ૭૪ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

ER/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES

PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES

3 CORE FLAT SUBMERSIBLE CABLES/ SERVICE WIRES

HT / LT POWER AND CONTROL CABLES

RAILWAY SIGNALLING / QUAD CABLES

COAXIAL / TELEPHONE / LAN CABLES

WELDING / BRAIDED CABLES

JELLY FILLED TELEPHONE CABLES

INSTRUMENTATION CABLES

SPEAKER / CCTV CABLES

RUBBER CABLES

FIRE SURVIVAL CABLES

LIGHTING & LUMINARIES

SWITCHES & SWITCHGEARS

uPVC CONDUITS & FITTINGS

CABLE GLANDS & LUGS

FANS & APPLIANCES

AMRISH KACHARIA
+91 97690 25153

Auth. Distributors

POLYCAB
*Connection Zindagi Ka*

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas,
99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : +91 22 4972 4848 (10 Lines)
Talkfree : *444/*619
Email : sales@prabhatwires.in
Website : www.prabhatwires.in
GSTIN : 27AAVFP8638C1ZO

PRABHAT WIRES LLP
Buy POLYCAB, Buy SAFETY

Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month


# A UNIQUE
# Children Department Stores



## ANUKOOL selections

Readymade, Hosiery, Nursery, Items, Stationery, Novelties, Toys, Games, Cosmetics, Jewellary & Cards for All Occassion.



## SCHOOL UNIFORM A SPECIALITY

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007.

Off. : 2361 2848 - 2369 4166 Telegraphs : "Bouncs"

**Navin Parekh** **Rasesh Parekh**

Resi. : 2362 0780 - 2362 2497


Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.